૫૫૫૬

અદ્દ્ભુત ચમત્કાર

અથવા

કાયા એજ માયા.

જન્માંતર બોધક વાર્તા

પ્રકાશક

સુવિચારદર્શક મંડળી

મુંબઈ:—

પારસી પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૦. સન ૧૮૯૪.

૫૫૫૬

અદ્‌ભુત ચમત્કાર.

અથવા

કાયા એજ માયા.

અદાતા નામની એક નગરીને વિષે પુષ્પસેન નામનો એક રાજા રાજ કરતો હતો. તેનો દુષ્ટબુદ્ધિ નામનો એક પ્રધાન હતો. નગરમાં અને પ્રધાનમાં નામ પ્રમાણેના ગુણો હતા. અદાતા નગરી એટલે કાંઈ પણ ન આપનાર શહેર રૈયતમાં પણ ધર્મ દાન કરવું તે શી ચીજ છે એ કોઈ સમજતું નહતું. કદી કોઈ અનાથ થયું અને ભીખ માગી ખાવા શિવાય તેનો બીજો કાંઇ ઉપાય ન રહ્યો તોપણ કોઈ તેને ધર્મને બહાને આપતું નહીં. આવી આ અદાતા નગરીનો પ્રધાન હતો. "યથા નામા તથા ગુણા" નામ પ્રમાણેજ ગુણ. 'ચમડી જાય પણ દમડી ન જાય.' એ કહેવત તે સારી પેઠે જાણતો હતો.

આ દુષ્ટબુદ્ધિ પ્રધાનને એકનો એકજ પુત્ર હતો. તેનું નામ ધર્મશીલ હતું. તે મનનો દયાળુ હતો. જ્યાં આખું રાજ્યજ અદાતા ત્યાં આ બીચારા ધર્મશીલનું શું જોર ! કોઈ અનાથ અથવા અભ્યાગતને છાની રીતે કાંઈ આપવા તેનો વિચાર થતો પણ પોતાના પિતાની બીકથી ગભરાઈ તે વિચાર છોડી દેતો.

કૈલાશ પર્વતને વિષે શિવ અને પાર્વતી બેઠાં બેઠાં વાતો કરતાં હતાં તે વખતે આ અદાતા નગરીની વાત નીકળી. પાર્વતીજી બોલ્યાં, "મહારાજ, આપ કૃપાકરો તો આ અદાતા નગરીને દાતા કરી શકો."

શિવશંકરે કહ્યું, "અરે સ્ત્રી, એવાં તે કંઇક ગામો ને નગરો પડેલાં હશે તેનું આપણે શું ?"

પાર્વતીજી બોલ્યાં, "નહીં, કૃપાનાથ ! આ નગરની ઉપર તો આપે કૃપા કરવીજ જોઇએ. આપ જેવા કૃપાસિંધુ જ્યારે કૃપા નહીં કરે ત્યારે બીજાની શી આશા રાખી-શકાય ?"

ભોલા શંભુએ કહ્યું, "દેવી, આ બાબતમાં તમે આટલો બધો હઠ શા માટે લ્યો છો ? જવા દોને એ ગામને !"

મહાદેવી બોલ્યાં, "ના, મહારાજ, આ એક નગર ઉપર કૃપા કરી મારા મનની ઇચ્છા તૃપ્ત કરો."

પાર્વતીનો અત્યાગ્રહ જોઈ શંકરે કહ્યું, "ઠીક છે ત્યારે, જ્યારે તમારી એવીજ ઇચ્છા છે ત્યારે જોઈલઇશું"

પોતાને શિવજી તરફથી આવી કબુલાત મળેલી જોઈ પાર્વતી ખુશી થયાં. ઉપલી વાતને થોડો સમય વિત્યા પછી મહાદેવજી, યોગીનો વેશ લઈ, અદાતા નગરીની બહાર આશન નાખી બેઠા. એ ઠેકાણેથી હજારો લોકો રોજ આવજાવ કરતા હતા પણ આ બાવા ઉપર કોઇએ ધ્યાન આપ્યું નહીં. ગામ બહાર એક મોટું તલાવ હતું. આ તલાવમાં નાહાવા અને પાણી ભરવા સેંકડો સ્ત્રી પુરુષો આવતાં હતાં, તેમાંના કોઇએ પણ આ બાવાજી તરફ જોયું નહીં. જેઓ ઘણાજ પાસેથી જતા હતા તેઓ 'નમો નારાયણ' એટલા શબ્દો પણ કહેતા ન હતા. આખા બે દિવસ સુધી તો બાવાજી પોતાના ધ્યાનમાં બેશી રહ્યા કે, જોઇએ કોઈ ભીક્ષા આપવા આવે છે ! પણ તેમાં બાવાજી ઠગાયા હતા. બે દહાડામાં ભીક્ષા આપવા તો શું પણ સામે જોઇ બે વાતો કરવા પણ કોઈ ન આવ્યું. 'ખેર ત્યાં ન આવ્યું તો કાંઈ નહીં. હવે ગામમાં તો ભીક્ષા માગવા જવું.' આવા વિચારથી યોગેન્દ્ર આશન ઉપરથી ઉઠી ગામમાં માગવા નીકળ્યા દરેક શેરીએ ફ

અને ઘરોઘર ફરી વળ્યા, પણ કાઇએ ચપટી લોટ કે અનાજ કાંઈ આપ્યું નહીં. તે દહાડો તો આખો દહાડો ફરી ફરીને પાછા પોતાને આશને આવ્યા. બીજે દહાડે ફરીને ભીક્ષા માગવા નીકળ્યા, ત્યારે "માઇચેત, માઇચેત" એ પ્રમાણે પુકાર કરવા લાગ્યા, પણ કોઈ ચેત્યું નહી. એથી તો લોકો બાવાજીની વધારે મશકરી કરવા લાગ્યા કે, "આ બાવો વળી ચેતાવવા નીકલ્યોછે. એની શીકલ તો જુઓ!" વગેરે. પણ બાવાજીએ તો તેની ઉપર કાંઈ ધ્યાન આપ્યું નહીં. હશે, કાલે આપશે એમ ધારી યોગી-રાજ પાછા પોતાને આશને ગયા. બીજે દહાડે ફરીને ઉપર મુજબ 'માઇચેત' કરતા નીકળ્યા, પણ એનું એજ! હવે તો સહન થઈ ન શકયું તેથી ક્રોધમાંને ક્રોધમાં પોતાને આશને આવ્યા. આ અદાતા નગરીનો નાશ કરવો એવો ઠરાવ કરી યોગીરાજ (મહાદેવજી) પોતાનું ત્રીજું નેત્ર ઉઘાડવા વિચાર કરતા હતા, પણ તેજ વખતે અજાયબ જેવો એક બનાવ બનવાથી તેમનો વિચાર ફરી ગયો. મહાદેવજીનું ત્રીજું નેત્ર ઉઘડતાં ત્રણે લોકનો એક ક્ષણમાં નાશ થઈ જાય તો આ ગામ તે કીસ ગણત્રીમાં. પણ ઇશ્વર ઇચ્છા બલવાન હોવાથી તેમ થતું અટકી પડયું.

એવો બનાવ બન્યો કે, દુષ્ટબુદ્ધિ પ્રધાનની પુત્ર વધુ ધર્મવતી પોતાના પીયરના ગામથી સસરાને ગામ પ્રથમ આણું વાળીને આવતી હતી. સસરાના ગામના પાદરમાંજ કોઇ જટાધારી અદ્ભુત યોગેશ્વરના દર્શન થયાં. નામ પ્રમાણે પોતે ધર્માત્મા હતી તેથી પોતે તેની પુજા કરવા તૈયાર થઈ. પણ પુજાપો પાસે ન હોવાથી લાચાર બની, માનસીક પુજા કરી, મનમાંજ કહ્યું, "હે ઇશ્વર, આ યો-ગીરાજની મેં માનસીક પુજા કરીછે. હાલતો મારી પાસે કાંઈ નથી, પણ જ્યારે એ માગવા નીકળશે ત્યારે યથા

શક્તિ ભોજન આપીશ." આમ કહી રથમાં બેઠે બેઠેજ નમસ્કાર કર્યા. રથતો આગલ ચાલ્યો. આ તરફ મહાદેવજી, જે બધાના અંતઃકરણને જાણનારછે, તેઓ પ્રધાન પુત્ર વધુએ કરેલી આ માનસીક સેવાથી બહુજ પ્રસન્ન થયા, તેને ખરી માની લીધી, અને આવું એક પણ ધર્માત્મા માણસ જે ગામમાં હોય તેના જેવા બીજા પણ થઈ શકે, અને તેથી તેનો નાશ કરવામાં સાર નહીં જાણી મહાદેવજીએ પોતાનો ક્રોધ શાંત કર્યો.

આ તરફ પ્રધાન પુત્ર વધુ ધર્મવતી પોતાને ઘેર જઇ પહોંચી. સાસુ સસરાએ વહુનો ઘણોજ સત્કાર કર્યો. થોડીવાર થઈ એટલે જમવાની વેળા થઈ. પુરૂષો જમી ઉઠયા એટલે સાસુએ વહુને જમવાનું કહ્યું. વહુએ મનમાં સંકલ્પ કરી રાખ્યો હતો કે, પેલા યોગીની પુજા કરીછે તેને પ્રથમ ભીક્ષા આપ્યા પછીજ મારે ભોજન કરવું શહેર બહાર જે રહ્યાછે તે ભીક્ષા માગવા આવશેજ. જો કદી ભીક્ષા માગવા ન આવે તો મારે જાતે જઇને તેને ભીક્ષા આપી આવવી ' આવા વિચારથી વહુએ રાતના જમવાની ના પાડી. પ્રધાન પત્નિએ ઓહોંસ તો ઘણી કરી પણ ધર્મવતી એકની બે થઈ નહીં. રાતના ભુખીને ભુખી સુઈ રહી. બીજે દહાડે પોતાના નીયમસર ઉઠી, દાતણ પાણી કરી લઈ નાહી ધોઈ ઇશ્વરનું સ્તવન કરી, પોતાને કરવાના કામ ધંધામાં રોકાઈ. કામમાં બરોબર ચિત રાખી કામ કરી લીધું. પછી પેલા યોગીની રાહા જોતી બેઠી કે, ક્યારે આવે. યોગીરાજ તો પોતાના નીત્યના નીયમ પ્રમાણે 'માઇ ચેત, માઇ ચેત' કરતા નીકલ્યા. ધર્મવતીએ આ શબ્દ સાંભળ્યો બારીમાં આવી જુએછે તો, આગળે દિવસે પોતે માનસીક પુજા કરી હતી તેજ યોગેશ્વર જોવામાં આવ્યા. તેણે બાવાજીને હાંક મારી ઉપર બોલાવ્યા.

પોતે કરેલા સંકલ્પ પ્રમાણે ભીક્ષા તૈયાર કરી બાવાજીને આપી. ભીક્ષા લીધા પછી યોગેશ્વરે ધર્મવતીને પુછ્યું, "બાઇ, તું સુખી તો છોના?"

ધર્મવતીએ તરતજ ઉત્તર આપ્યો, "મહારાજ, વાસી ખાઇએ છીએ અને ઉપવાસી રહીએ છીએ."

યોગીએ કહ્યું, "બાઇ, તારા બે ગયા."

પ્રધાન પુત્ર વધુએ કહ્યું, "મહારાજ, તારા ત્રણ ગયા."

આમ કહી યોગીરાજ તો ચાલતા થયા. એવું બન્યું કે, દુષ્ટબુદ્ધિ પ્રધાન તે વખતે બહાર જતો હતો, તે પોતાની પુત્ર વધુને આ પ્રમાણે ધર્મ કરતી જોઈ ન શકયો. વહુ અને બાવા વચ્ચે થયેલી વાતો તેણે સાંભળી, પણ વહુ પહેલ વહેલીજ આવી હતી તેથી કાંઇ બોલ્યો નહીં. ગુપચુપ ચાલ્યો ગયો. બીજે દહાડે પણ એમજ થયું. પ્રધાન લોહીનો ઘોંટ ગળી ગયો. ત્રીજે દહાડે પણ એનું એજ. હવે પ્રધાનથી ન ખમાયું. તેણે પોતાની સ્ત્રી આગળ વાત કરી. પ્રધાન પત્નિ પણ જાણુતી હતી છતાં બોલી શકતી નહતી. પણ પ્રધાને જ્યારે વાત કરી ત્યારે વહુને તે વિષે સમજાવી બે શબ્દો કહેવાનો વિચાર થયો. સાંઝના પ્રધાન અને પ્રધાન પુત્ર બે જણા બેઠા હતા તે વખતે લાગ જોઈ પ્રધાન પત્નિએ પુત્ર વધુને સંબોધીને કહ્યું, "વહુ, આજ કેટલાક દહાડા થયા તમે પેલા બાવાને રોજ સીધું આપોછો એ ઠીક કરતા નથી. તમે પહેલ વહેલાં આવ્યાં ત્યારે એકાદ દહાડો આપ્યું હતે તો તે વાત જુદી હતી પણ આતો રોજ રોજ આપોછો એ ઠીક નહીં."

અદાતા નગરીના દુષ્ટબુદ્ધિ પ્રધાનના સંસર્ગમાં રહેલી સાસુના આવા વચનો સાંભળી ધર્મવતી બોલી, "સાસુજી, તમે કહોછો તે વાતતો ખરી, પણ તેમ કરતાં આપણું ઓછું થઈ જાય તેમ નથી. આપણે દેશના પ્રધાન છીએ

તેથી આપણે ઘણોજ ધર્મ કરવો જોઇએ. આપણો દાખલો લઇને બીજા પણ શીખે. આતો ફક્ત એકજ માગવા આવે છે પણ બીજા વધારે આવતા હોય તોપણ આપણી શક્તિ પ્રમાણે તેમને આપવું જોઇએ. કેટલાકને ત્યાં એવો ધારો હોયછે કે, જમતી વખત કોઇ ભુખ્યો માણસ આવીને ઉભો રહે તો તેને જમવા બેસાડેછે. યથા શક્તિ ધર્મ તો કરવોજ જોઇએ. આપણે વધારે તો નહીં પણ યથા શક્તિ આપી હાથ જોડવા."

પુત્ર વધુના આવા શબ્દો સાંભળી, પ્રધાન અને પ્રધાન પત્નિ મનમાં બળવા લાગ્યા પણ તે વિષે વધારે ન પુછતાં, પુત્ર વધુ અને બાવા સાથે થતા સવાલ જવાબ વિષે પ્રધાને પુછ્યું, "વહુ, જ્યારે પેલો બાવો તમને પુછે છે કે, 'બાઇ સુખી તો છોના ?' ત્યારે તમે જવાબ આપોછો કે, 'મહારાજ, વાસી ખાઇએછ અને અપવાસી રહીએછ' તે તમે વાસી કયારે જમોછો ? ઘરમાં તો રોજ જમવાનુ થાયછે. વળી અપવાસી પણ કયાં રહોછો ? અમારા ઘર વિષે આતો તમે હલકાઇ બતાવોછો."

ધર્મવતી બોલી, "સસરાજી, વાસી ખાવાનો અર્થ એમ નથી થતો કે, ગઇ કાલનું રાંધેલું આજે ખાવું. વાસી ખાવું એટલે આગલે જન્મ જે પુન્ય કર્યું તેનો બદલો મળે તે. આપણે આગલે જન્મ પુન્ય કર્યુંછે તેથી આ જન્મ સુખ ભોગવીએ છીએ. આ જન્મ કરતા નથી એટલે આવતે જન્મ મળવાનું નથી. તેથી વાસી ખાઇએ છીએ અને અપવાસી રહીએ છીએ. બાવો કહેછે કે, બાઇ તારા બે ગયા એટલે એક તો આ જન્મ અને બીજો આવતો ભવ. ત્યારે હું કહું છું કે, મહારાજ, તારા ત્રણ ગયા, એટલે આગલે ભવ કાંઈ કર્યું નથી તેથી આ જન્મમાં બાવો થયો અને આ ભવમાં કાંઇ થયું નથી તેથી આવતો

ભવ પણ એનું એજ. તેથી ગયો અવતાર, આ અવતાર અને આવતો ભવ એ ત્રણે તેના ફોકટ ગયા."

આટલી વાત થયા પછી પ્રધાન ઉઠી ગયો. પણ પ્રધાન પત્નિ ત્યાં બેશી રહી. તે બોલી, "પણ "વહુ, એ બધું કાંઇ અમે જાણુતા નથી. એતો જે જાણે તેને તાણ. આપણે તો જે વંશ પરંપરા કરતા આવ્યા છીએ તેજ કરવું. નવી રીત કાંઇ આપણાથી થાય તેમ નથી."

ધર્મવતી બોલી, "સાસુજી, ન જાણવાનું તમે કહો છો એ વાત તો ઠીકછે. પણ જુઓ, આ આપણા શહેરમાંજ કેટલાક આંધલા છે, કેટલાક લુલાછે, કેટલાક રોગીલાછે. આ બધું કાંઇ પૂર્વે જન્મના સંસ્કાર વગર થતું નથી. જેવી કરણી કરે તેવું પામે. માટે આખી દુનીઆ જે કરતી આવીછે તે કરવુ જોઇએ. આપણી કેમ ખાત્રી થાય કે, દાન ધર્મ ન કરવું એ વંશપરંપરાથી ચાલ્યુ આવ્યુ છે? કાં કોઇ નાસ્તીક રાજાએ જોર જુલમથી બંધ કરાવ્યું ન હોય? કર્ણ રાજા દાનેશ્વરી કહેવાતો હતો, આપણા શાસ્ત્ર પુરાણોથી એ વાત સિદ્ધ થાયછે. ધર્મ કરવાથી હાણી નહીં પણ લાભ થાયછે. પ્રથમ મોટા લોકોથી શરૂ થાય તો તે જોઇને બીજા શીખે. સસરાજી પ્રધાન પદછે તો તેમણે રાજા સાહેબને સમજાવી ધર્મ કરાવવું."

પુત્રવધુ વધુ બોલતી બંધ થઇ. પ્રધાન અને પ્રધાન પત્નિ તે વખતે તો કાંઇ બોલ્યાં નહીં. વહુ બીજા કામમાં રોકાઇ એટલે પ્રધાને પુત્રને કહ્યું, "પુત્ર, તારી વહુ દરરોજ ઉઠીને પેલા બાવાને આપેછે એ કાંઇ ઠીક નહીં. અમે આજે તારા દેખતાં કહ્યું, ત્યારે કેવો જવાબ આપ્યો તે તો તે સાંભળ્યો. હવે અમે તો કાંઇ કહેવાના નથી. પણ તું અંદરખાનેથી વારજે કે, હવે કોઇને આપણા ઘરમાંથી કાંઇ ન આપે."

પ્રધાન પુત્ર ચંચળ હતો પણ તે એકજ હતો. તેથી તેને માબાપે મોઢે ચઢાવીને બગાડી નાખ્યો હતો. વળી પિતાની પાસે વધારે વખત રહેવાના કરતાં માતા પાસે તે વધારે રહ્યા હતો અને તેથી માવડીઓ થઇ રહ્યા હતો, પુત્ર તે વખત તો શરમને લીધે બાપને જવાબ આપી ન શકયો. પણ પ્રધાનના ગયા પછી માને કહ્યું, "મા, તેં આટલી વાતો કહીને સમજાવી તો હું તે શી રીતે સમજાવી શકું ?" મા બોલી, "દીકરા, તું ના પાડશે એટલે એ દાન કરતી અટકશે"

તેજ રાતના પ્રધાન પુત્રે સ્વપત્નિને પોતાની માતાના શિખવ્યા પ્રમાણે કહ્યું, ધર્મવતી, પોતાનો પતિ કેવોછે તે જાણતી હતી. પોતાના પતિને સુધારીને ધર્માત્મા કરવો એવો તેણે નિશ્ચય કર્યો. ધર્મવતી બોલી, "આપ જે કહોછો તે ઠીકજછે. આપની જે ઇચ્છા તેજ મારી ઇચ્છા. પણ જુઓ, આટલી નવેખંડ પૃથ્વી છે તેમાં અસંખ્ય જીવો પડયાછે. કેટલાક મહેનત મજુરીએ કરી પોતાના પેટ પુરતો ખોરાક મેળવી શકેછે પણ જેઓ અશક્ત છે તેઓ કેવી રીતે મેળવી શકે ? આપ કહેશો કે આ બાવો જે માગવા આવેછે તે તો શરીરે રૂષ્ટ પુષ્ટ છે, તેને શા વાસ્તે આપવું ? આપણે સુપાત્ર જાણી દાન કરવું. સુપાત્રને આપેલું અફળ જતું નથી."

આ દંપતી વચ્ચે મધરાત સુધી વાતો થઇ. ધર્મવતી પોતાના પતિના મનમાં દયા ધર્મનો કાંઇક અંશ ઉતારવા પામી. પણ સવાર પડે આ માવડીઓ પતિ પોતાની માતાને દેખશે એટલે આ બધો બોધ વીસરી જશે એમ તેના મનમાં ન આવ્યું.

સવાર થતાં પુત્ર ઉઠયો એટલે માતાએ પાસે બોલા-

વીને પુછયું, "દીકરા, પેલી વાતનું શું કર્યું ? આજે તો હવે એને સીધું નહી આપેના ?"

પુત્રે કહ્યું, "મા, એતો કહેછે કે, ધર્મ કરે આમ થાય અને તેમ થાય. મેં જરાક કહ્યું એટલે એણે તો કેટલોએ વાર આમ કરે આમ થાય અને તેમ કરે તેમ થાય એનું પીંજણ ચલાવ્યું. એટલે પછી મેં તો કહેવું માંડી વાળ્યું."

પુત્રના આવા શબ્દો સાંભળી માએ જાણ્યું કે, આ વહુતો કોઇને માનવાની નથી માટે બીજો ઉપાય કરવો.

પછી પ્રધાન પાસે જઇને બોલી "આ વહુ તો કોઇને પણ ગાંઠતી નથી. હવે તો વહુ દીકરાને જુદા રાખવા. જો વહુ જુદી રેહશે તોજ કાંઇ કરતી અટકશે."

પ્રધાનના મનમાં પણ તે વાત ઉતરી. પુત્રને પાસે બોલાવી કહ્યું, "દીકરા તારી વહુ આ પ્રમાણે જ્યારે કોઇનું કહ્યું નથી માનતી અને મરજી પ્રમાણે દાન કરવા બેઠીછે ત્યારે તો તમે બેઉ જણા જુદા રહો. બે જણને પુરૂં થાય એટલું અનાજ અમે તમને આપીશું."

માવડીઆ દીકરાનું મોઢું આ સાંભળીને ઉતરી ગયું. તે પોતાની માના પડખામાં ભરાઇને ધીમે સ્વરે બોલ્યો, "મા એને જુદી રાખવી હોય તો રાખો, હું તો જુદો રહેવાનો નથી."

આ વળી સંકટ આવી પડયું. એકલી વહુને તે જુદી રખાય ? જુવાન જમાન સારા ઘરની વહુ તેને એકલી જુદી રાખે તો લોકો શું કહે ? પ્રધાન પત્નિના મનમાં આ વિચારો આવ્યા. તેઓએ પોતાના પુત્રને ઘણો ઘણો સમજાવ્યો કે, આઠ દશ દહાડા જુદો રહી આવ એટલે તારી વહુ માની જશે. પછી પાછા તમને ઘરમાં રાખીશું. પણ આ પુત્રે તો કેમે કરતાં માન્યું નહીં. આખરે કેટલીક તકરારો થયા પછી એકલી વહુનેજ જુદી રાખવી એવો નિશ્ચય થયો.

જે વખતે આ ત્રણ જણાઓનું અત્રે મંડલ ભરાયું હતું તે વખતે વહુ તો નાહી ધોઇ, તુલશીનું પુજન કરી, બાવાને ભીક્ષા આપવા માટે સીધું તૈયાર કરીને તેના આવવાની રાહા જોતી હતી. જરા વારમાંજ બાવો 'માઇ ચેત, માઇ ચેત' કરતો નીકલ્યો. ધર્મવતીએ તેને બોલાવી સીધું આપ્યું. બાવાને સીધું આપી વહુ જેવી ઘરમાં આવી તેવીજ સાસુએ પાસે બોલાવી.

દોહરા.

દામ ઉગારે દેહને, જો કોપ્યો હોય દેવ;
હું બલીહારી દામડા, સમર્થ તુંજ સદેવ.
વેરી આવી સેવા કરે, પરનારી વશ થાય;
જેને દમડો ગાંઠ છે, તેને શી ચંતાય.
ચતૂરાઇને ચપળાઇ, ડાહાપણ સર્વ સુધ;
કામણ મોહન વશીકરણ, દમડે ચાલે શુધ.
દમડોવાલો દેવને, દુર્લભછે મન સાથ;
દમડાથી મુનીવર ચલે, તરૂણીપસારે હાથ.
અવર વશીકરણ શું કરે, વડું કારણ ગરથ;
એતો મોટો અધિપતી, સહુ વાતે સમરથ

સામળભટ

જો વહુ દરરોજ આ પ્રમાણે દાન ધર્મ કરતી ન હોય તો પછી સાસુ સસરા ને બોલવા વારો કયાંથી આવત દરરોજ ઘરમાંથી એક માણસ ખાય એટલું વહુ આપી દેતી હતી તે સાસુ સાંખી શકતી ન હતી. એ તો 'દમડા તુજે કદી નછોડુ" આવા સંસર્ગવાલા ઘરમાં ધર્મવતીજ એકલી રત્ન હતી. કયારના બધા એકઠા થઈ વાતો કરતા હતા અને અગાઉ પણ એજ પંચાત થઈ હતી જાણી વહુ ચેતી ગઈ કે, આજ વળી કાંઈ નવા જુની થશે ખરી. હશે, બનનાર હશે તે બનશેજ

જેવી વહુ પાસે આવીને બેઠી કે, તરતજ પ્રધાન પત્નિ બોલી, "વહુ, અમે તમને આટલી વાર નાપાડી તે છતાં પણ દરરોજ તમે ઘરમાંથી પેલા બાવાને આપો છો એ સારી વાત નથી. આટલા દહાડા થયું તે થયું, હવેથી આપવું બંધ કરો".

ધર્મવતી બોલી, "સાસુજી, જ્યાં સુધી આપણી હાલત સારી છે ત્યાં સુધી તો તેના પ્રમાણમાં આપવુ જોઇએ. ગરીબીમાં પણ યથા શક્તિ મુઠી ભરીને આપવું. આત્મા સંતોષ જેવું બીજું એકે પુન્યનું કામ નથી."

પ્રધાન પત્નિએ જ્યારે જોયું કે, વહુ તો પોતાની એકજ વાત લઈ બેઠી છે અમારૂં કહ્યું તે મુદલ માનતી નથી ત્યારે બોલી, "વહુ, જો તમારી મરજી અમારાથી વિરૂધજ ચાલવાની હોય તો બેલાશક જુદાં રહો. આપણી આ પટારાની મેડી ખાલી છે. તમારા એક પંડને પુરો થાય એટલુજ અનાજ અમે રોજ આપીશું. પછી તેમાં-થી તમારે જોઇએ તેમ કરજો."

હઠે ચઢેલી સ્ત્રી પાપ પુન્ય કે, લોક લાજથી મુદલ બીતી નથી.

છપ્પા

ઉંચતણી અરધાંગ, નીચ નીચાને ન્યાળે
ડંસ રાખે દિલમાંહિ, વેર કોઇક દિન વાળે;
પાપથી ન બિહે પલક, બાપના પરિયા બોળે;
પોતે પાંશરી હોય, તરૂણીતો પર્વત તોળે;
હઠ કરતી સાથ હઠે નહીં, પુત્ર પતિ માબાપની;
કામની કલંક ભરી ખરી, સામળ શાખ છાપની.

વહુએ જોયું કે, આ ઘરમાં આમને આમતો સાસુ સુખે બેશવા નહીં દે. જો જુદી રાખશે તો લોક એને કહેશે. અને એક જીવને પુરૂં થાય એટલું અનાજ રોજ

આપશે તો તેમાંથી પણ યથાશક્તિ દાન હું કરી શકીશ જોઇએ હવે સાસુ સાસરા શું કરે છે તે.

પ્રધાન તથા પ્રધાન પત્નિએ એવો દૃઢ નિશ્ચય કર્યો હતો કે, ગમે તે થાઓ તો પણ જો વહુ કહ્યું ન માને તો તેને જુદી રાખવી.

પુત્રવધુ કાંઈ જવાબ નથી આપતી એવું જોઈ સાસુ બોલી, "બોલો વહુ, જવાબ આપો. તમારે જો રોજ રોજ આ પ્રમાણે ઘરમાં નુકશાન કરવું હોય તો બેલાશક જુદાં રહો."

વહુએ કહ્યું, "સાસુજી, જ્યાં સુધી મારા આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો મારી યથા શક્તિ દાન કરીશ."

સાસુ બોલી, "ઠીકછે ત્યારે આજથીજ જુદાં રહો."

સાસુએ પોતાનું સાસુપણું બતાવ્યું. પ્રધાન તથા પ્રધાન પુત્ર ચુપચુપ બેશીને સાસુ વહુની વાતો સાંભળતા હતા.

પોતાની બાજુની બીજી મેડી જે ખાલી હતી તે વહુ વાસ્તે પ્રધાને ઉઘડાવી. નિત્ય પુરતું અનાજ ચાકર સાથે મોકલવા શિવાય બીજો કાંઇ પણ વહેવાર આ વહુ સાથે પ્રધાનનું ઘર રાખતું ન હતું. પ્રધાન પુત્ર વધુ પોતાને મલતા અનાજમાંથી યથા શક્તિ પેલા યોગેશ્વરને દાન આપી બાકીનાની રસોઇ કરી, દેવને નૈવેદ્ય ધરાવી પોતે ખાતી. થોડો વખત જતાં લોકોની જાણમાં આ વાત આવી કે, પ્રધાને પોતાની વહુને એકલી જુદી રાખીછે. તેને ખાવા પુરતું અનાજ આપવા શિવાય બીજો કશો વહેવાર તેની સાથે રાખતા નથી.

ઘરને મોઢે તાળું હોય કાંઇ ગામને મોઢે તે હોય? લોકો ગમે તેવી વાતો કરવા લાગ્યા. આ વાત પ્રધાન તથા પ્રધાન પત્નિને કાને પણ આવી. તેઓએ મહીનો એક દહાડો તો જેમ તેમ કરીને ચલાવી લીધું પણ આ-

ખરે પ્રધાનના ઘરની વધારે વાતો લોકોમાં થવા લાગી તેથી કંટાળીને વહુને પાછી ઘરમાં બોલાવી રાખવાનો નિશ્ચય કર્યો. આ ઠરાવ કરી સાસુએ વહુને બોલાવી મંગાવી.

સાસુ બોલી, "જુઓ વહુ, આ ગામના લોકો આપણી વાતો કરેછે. જેના તેના મોઢામાં પ્રધાનનું ઘર આવી રહ્યું છે. નાના છોકરાંઓ સુદ્ધાં આપણા ઘરની વાતો કરેછે. માટે તમે આ બવાડો મુકીદો. આપણા બાપદાદાની જેવી આબરૂછે તેવી રાખી ઘરમાં રહો. વંશ પરંપરા દાન ધર્મ નથી કરતા તે તમે એકલા કરશો એતે કાંઇ ચાલશે ? તમારા અગાઉ આ ગામમાં કોઇને કાંઈ ધર્મને બહાને આપવું એ શું તે સમજતું ? આ ગામમાં ડોસાં ડગરાંને પુછો કે, તેમણે પણ આવી વાત કોઇ દહાડે સાંભળી છે ? માટે નવી રીત કરવી રહેવા દઈ જેમ ચાલ્યું આવેલુંછે તેમજ કરો."

વહુ ધીમેસ્વરે બોલી, "સાસુજી, ઘુવડ દિવસના દેખી શકતું નથી. તેને એકે પુછયું, સૂર્ય નારાયણના તેં દર્શન કર્યાં છે ? ત્યારે તેણે જવાબ આપ્યો, ભાઇ, સૂર્ય નારાણ કોણછે ? મેંતો એનું નામ પણ સાંભળ્યું નથી. પુછનારે પુછયું," રાતના તું આંખો કેમ ઉઘાડે છે ? ઘુવડે જવાબ દીધો, એ તો દિવસ થાય એટલે હું જાગુંછું. તમે જેને રાત કહોછો તેજ દહાડો છે. માટે જેમ ઘુવડ પંખી દેખીતી રાતે દિવસના દેખી શકતું નથી તેમ તમે પણ આખી દુનિયામાં થતું આવ્યું છે તેનાથી ઉલટા ચાલો છો. ઘુવડની દ્રષ્ટી ગઈ એ તેના નશીબ પણ આપણે તો જોવાને આંખ છે. દુનિયાની રીત પ્રમાણે ચાલવું તો જોઇએ."

સાસુએ જ્યારે જોયું કે, આ વહુ તો કોઇ પણ રીતે સમજાવી સમજે તેમ નથી અને લોકો તો જ્યાં

સુધી એને ઘરમાં નહી રાખીએ ત્યાંસુધી ગમે તેમ બો-લશે માટે એને રાખવી. આમ ધારી વહુના કપડા વગેરે સરસામાન પડોશની મેડીમાંથી મંગાવી લીધાં. વહુને ઘ-રમાં રાખી. વહુ તો જેમ આપતી હતી તેમ વધારે આપવા લાગી.

આ પ્રમાણે થોડો વખત નીકલી ગયો. પ્રધાને વિચાર્યું કે, આ એક બાવા શિવાય બીજો તો કોઈ ગા-મમાં માગવા આવતો નથી. માટે એ બાવાને જો અહીં-થી કહાડી મુકું તોજ ઠીક થાય.

પ્રધાન જેવો માણુસ પોતે જાય એ તો ઠીક નહીં માટે પોતાના પુત્રને બુધું સમજાવીને મોકલ્યો. પ્રધાન પુત્ર જ્યાં યોગેશ્વરનું આશન હતું ત્યાં આવ્યો. સર્વજ્ઞ એવા યોગેશ્વર તો તેના આવવાનું કારણુ જાણી ગયા હતા પણુ જાણે કાંઈ ન હોય તેમ પોતાના ધ્યાનમાં મ-ગ્ન થઈ રહ્યા.

પ્રધાન પુત્ર પગે લાગી હાથ જોડી સામે બેઠો. થોડીવારમાં યોગીરાજે આંખ ઉઘાડી તેની સામે જોયું. પ્રધાન પુત્રે સાષ્ટાંગ દંડવંત પ્રણામ કર્યો. બાવાજીએ “જીતા રહો બેટા” કરી આશીર્વાદ આપ્યો.

પ્રધાન પુત્ર બોલ્યો, “મહારાજ, આ ગામના પ્રધા-નનો હું પુત્ર છું. મારા બાપે એવો હુકમ કર્યો કે, તમે અત્રેથી જતા રહો. વળી અમારે ઘેર રોજ માગવા આ-વો છો તે પણુ કાલથી ન આવવું. અત્રેથી તમારૂં આશન ઉચકીને જતા રહો નહીં તો મારો બાપ હુકમ કરશે એટલે સિપાઈઓ ધક્કા મારીને કાઢી મુકશે.”

પ્રધાન પુત્રના આવા શબ્દોથી ક્રોધ ન કરતાં હસી-ને બાવાજીએ કહ્યું, ‘બચ્ચા, તારા મનમાં દયા છે તે હું જાણું છું. આ બધું તું તારા બાપની શીખવણીથી મને કહેવા આવ્યો છે. અમે તો આજ અહીં છીએ અને

કાલે બીજે ઠેકાણે જતા રહીશું. પણ બચ્ચા, સંતસમાગમ રાખીશ તો તારૂં કલ્યાણ થશે. આ દુનીઆમાંથી ભલાઈ અને બુરાઇ શિવાય બીજુ કાંઈ લઈ જવાનું નથી. ભલાઇ કરશે તેને લોકો ભલો કહીને વખાણશે પણ બુરાઈ કરશે તેને ફટફટ કરીને ધિક્કારશે."

પ્રધાન પુત્ર યોગીરાજને પ્રથમથી જોતાંજ તેને વશ થઈ ગયો હતો તે આ સાંભળતાંજ લેવાઈ જઇને બોલ્યો. "મહારાજ, એ બધું તો ઠીક છે, પણ તમે મને કાંઈ ચમત્કાર બતાવો તો મને વિશ્વાસ આવે."

યોગીરાજે આ સાંભળતાંજ કહ્યું, "ઠીક છે બચ્ચા. તને હમણાજ ચમત્કાર દેખાડું છું પછી કાંઈ છે?"

આમ કહી જલની અંજલી ભરી ત્યાં કુંડાળું કર્યું. પછી પ્રધાન પુત્ર ધર્મશીલને કહ્યું કે, એની ઉપર સુઇ જા. ધર્મશીલ મહારાજના કહેવા પ્રમાણે સુતો. પછી યોગીએ બીજી અંજલી ભરી શહેર ઉપર નાંખી કે તેજ વખતે આખા શહેરને ગાઢ નીદ્રા આવી ગઈ. ધર્મશીલ જેવો સુતો કે, તેનો જીવ તેના ખોળીઆમાંથી નીકળી ગયો. ધર્મશીલનો જીવ પોતે બધું જાણેછે કે, તેનું શું થાયછે.

ધર્મપુરી નામે એક પ્રખ્યાત નગર હતું. આ ગામનો રાજા ધર્માત્મા હતો. કોઇ પણ યાચક તેને દરવાજેથી કાંઇ પણ લીધા વગર જતો ન હતો. પોતાના મહેલની આસપાસ કોઈ પણ માણસ અન્ન વિના રહ્યો નથી એવી ખાત્રી કર્યા પછીજ પોતે જમતો પોતાની હદના નાના મોટાં દરેક ગામમાં અન્નના ક્ષેત્રો બાંધ્યાં હતા. આવા રાજાના પ્રધાનો પણ દયાળુ અને ધર્માત્મા હતા.

આ શહેરનો નગરશેઠ ધર્મસિંહ કરીને હતો. તેને ત્યાં કરોડોની દોલત હતી પણ તેને પેટપુત્ર મુદલ ન હતો. પોતાની પચાશ વર્ષની અવસ્થા થવા આવી હતી

તેથી હવે પોતાને પુત્ર સંતતી નહી થાય જાણી પોતાના કોઇ સગાના પુત્રને દત્તક લેવાનો તેનો વિચાર થતો હતો, પણ એટલામાં ઇશ્વરેચ્છાથી તેની સ્ત્રી ગર્ભવતી થઈ અને તેના ગર્ભમાં પ્રધાન પુત્ર ધર્મશીલના જીવે પ્રવેશ કર્યો. થોડીવાર કષ્ટ ભોગવી શેઠની સ્ત્રીએ પુત્ર પ્રસવ્યો. નગરશેઠને વધાઇઓ પહોંચી. વધામણી લાવનાર દાસીને શેઠે વસ્ત્રાભૂષણ આપી ખુશી કીધી. ધર્મસિંહે તે દહાડે સત્પાત્ર બ્રાહ્મણોને ગાયોનું દાન કર્યું. બાકીના જે કોઈ માગવા આવ્યા તેમને ખુલે હાથે દક્ષણા આપી. ઘેરે ઘેરે શાકર વહેંચી. નગરશેઠને ઘેરે પુત્ર પ્રસવ્યો સાંભળી શહેરમાં આનંદ વ્યાપી રહ્યો.

આજ નાનો કાલ મોટો થતાં પુત્ર સાત વર્ષની ઉમરનો થયો એટલે શેઠે તેને નિશાળે ભણવા બેશાડયો. નગરશેઠના પુત્રનું નામ પણ ધર્મશીલજ પાડેલું હતું. તેનું રૂપ રંગ બધું પ્રધાન પુત્રના જેવુંજ હતું. પોતાનું શું થયું છે એ વાત જીવ સારી પેઠે જાણેછે છતાં આ બધો ચમત્કાર છે જાણી કોઇની પાસે કહેવાય પણ નહીં.

ચૌદ વર્ષની ઉમર થતાં સુધી શેઠનો પુત્ર ભણી ગણીને હુશીઆર થયો. ધર્મસિંહ શેઠની પહેડીઓ દેશ દેશાવર ચાલતી હતી તેથી પુત્રને નામામાં ભોગીઓ જોઇ પોતાની પહેડીનું કામ જેમાંનું કેટલુંક શેઠ પોતે જોતા હતા તે પુત્રને સંભાળવાનું કહ્યું. પુત્ર જે દરેક બાબતમા હુશીઆર થયો હતો તેણે બધું કામ પોતાને માથે ઉચકી લીધું.

સ્વજ્ઞાતીના એક શ્રીમાન ગૃહસ્થની રૂપ લાવણ્યવતી કન્યા નામે સત્યવતી સાથે તેનો વિવાહ કર્યો હતો. સોલ વર્ષની ઉમર થતાંજ તેનું લગ્ન કર્યું. લગ્ન થયે બે વર્ષ વીત્યાં કેડે સત્યવતીએ એક પુત્રને જન્મ આપ્યો. જ્યાં પોતાને પુત્રને ખોટ હતી ત્યાં પોતાના પુત્રને ત્યાં પુત્ર

આવેલો જોઇ ધર્મસિંહ શેઠ તો ઘેલો ગાંડો ગઈ ગયો તેને અત્યંત હર્ષ ઉત્પન્ન થયો. ધર્મશીલ જનમ્યો ત્યારે તેણે જેટલુ દાન કર્યું હતું તેથી વધારે આ વખત કર્યું. છોકરો આજ નાનો કાલ મોટો કરતાં ત્રણ વર્ષની ઉમરનો થયો. કાલુંકાલું બોલી બધાને તે રીઝવતો હતો તેથી સૌને વહાલો લાગતો હતો. ધર્મસિંહ શેઠ તેને જરાવાર પણ વીહલો મુકતા ન હતા.

એવુ બન્યું કે, એક વણઝારો દેશો દેશ ફરતો ફરતો, માલ વેચતો વેચતો ધર્મપુરીમાં આવી ચઢગો. ત્યાં નગર શેઠના પુત્રની સુકીર્તિ સાંભળી તેને મલવા આવ્યો. ધર્મશીલે તેને મન આપી બેશાડયો. પોતે કોણ હતો તે જણાવ્યા પછી વાણઝારે કહ્યું, "કૃપા કરી મારે ઉતારે ચાલો. ત્યાં કેટલીક નવી નવાઇની ચીજો મેં દેશ દેશાવર ફરીને એકઠી કાધીછે તે તમને દેખાડું."

નગર શેઠનો પુત્ર વણઝારા સાથે તેને ઉતારે ગયો. વણઝારાએ સારી રીતે બેશાડયા પછી ધર્મશીલને નવી નવાઇની ચીજો દેખાડવા માંડી. નવી ચીજો જોઇ તે ખુશી થયો. તેમાંની કેટલી ચીજો તેણે ખરીદવા માગી પણ વણઝારાએ તેને ભેટ આપવા માગી. શેઠ પુત્રે એ-મને એમ લેવાની ના પાડી. પણ વણઝારાએ ઘણોજ આગ્રહ કરીને આપી. ધર્મશીલને વણઝારા સાથે પ્રીતી બંધાઇ. એક બીજા વગર જરાએ ચાલે તેમ ન હતું. ખાવું પીવું, ફરવુ, હરવું બેઉને સાથેજ. આવી તેમને મિત્રતા બંધાઇ. આ પ્રમાણે કરતાં કરતાં ચાર છ મહીના નીકલી ગયા. એક દહાડે વણઝારાએ શેઠ પુત્રને આવીને આ પ્રમાણે કહ્યું, "ધર્મશીલભાઇ, મારે ઘણાજ જરૂરના કામ સર આઠ દહાડા બહાર જવુ છે. ખાનગી કામછે તેથી બીજા કોઇને મોકલાય તેમ નથી. માટે પોતાનેજ

જવું જોઇએ. હું કાલે સવારના પહોરમાં જઇશ. આ દશ હજાર રૂપીઆ છે તે હાલ તમારી પાસે રાખો ત્યાંથી પાછા આવ્યા પછી હું લઇશ."

શેઠ પુત્રે કહ્યું, "ઠીક છે ભાઇ, જાઓ, કામ ફતેહ કરીને આવજો. આ તમારા રૂપીઆ મુનીમ આગલ જમે કરાવીને જાઓ."

વણઝારે કહ્યું, "ના,ના, જમા કરાવવાનું કાંઈ કામ નથી, આઠ દહાડા વાસ્તે તે ક્યાં જમા કરાવું મને તમારો પુરો ભરોસો છે."

એમ કરી વણઝારો તો શેઠની પાસે બીજા પૈસા પડયા હતા ત્યાંજ પોતાના રૂપીઆ મુકી ચાલતો થયો. શેઠ પુત્ર બીજા કામમાં પડયો એટલે તે વખતે તો ભુલી ગયો. થોડીવાર પછી યાદ આવ્યું કે, વણઝારાના રૂપીઆ ઉપલક જમા કરી રાખવા. પણ તે દહાડે બહુ મોડું થઇ ગયું હતુ તેથી બીજે દહાડે જરૂર જમા કરાવવાનું યાદ રાખી પોતે સુવા ગયો.

હવે એવો બનાવ બન્યો કે, અહાતા નગરીના પ્રધાન પુત્રની જેટલી વય હતી તેટલીજ આ તરફ શેઠ પુત્રની અવસ્થા થઇ. શેઠ પુત્રનો જીવ તો પ્રધાનના ખોળીઆમાંથી ઉડીને ત્યાં આવ્યો છે. આજ અઢાર વર્ષ થયાં પ્રધાન પુત્રનું ખોળીઉં ત્યાંને ત્યાંજ પડયું છે. શંકરની કૃપાથી તેનું રક્ષણ થયું છે. આજે શેઠ પુત્રના દેહને છાંડીને જીવ પાછો પ્રધાન પુત્રના ખોલીઆમાં પ્રવેશ કરવાનો છે. તેથી એવું બન્યું કે, શેઠ પુત્ર સુવા ગયો કે, તેના શરીરમાં વ્યાધી ઉત્પન્ન થઇ. "શું થયું, શુ થયું!" કરતી તેની સ્ત્રી પાસે આવી પણ જુવે છે તો વાચા બંધ થઇ ગઇ છે. તેણે તરતજ પોતાની સાસુને બોલાવી મંગાવી ધર્મસિંહ શેઠ અને શેઠાણી બેઉ જણાં ગભરાયલાં જેવાં

ત્યાં દોડી ગયાં. એક માણસને મોકલ્યો તે વૈદને બોલાવી લાવ્યો. વૈદે નાડ જોઈ ઓશડ આપ્યું, પણ તે ઓશડની કાંઇ અસર ન થઇ. બીજા બે ત્રણ નામીચા વૈદને એકઠા કર્યા આખી રાત નીકલી ગઇ પણ શેઠ પુત્રને વાચા કે શુદ્ધિ બેમાંનું એક પ્રાપ્ત ન થયું. સવાર પડી. વૈદો ઓશડો કરી કરીને થાકયા પણ કાંઇ ટીકી ન લાગી. આયુષ્ય આવી રહ્યું હોય ત્યાં તે કોનો ઇલાજ રહે. વૈદોને હીમત હારી ગયલા જોઇ શેઠે પુત્રના જીવવાની આશા છોડી દીધી. તેમણે ધર્મદાન કરવા માડયું. કોઇથી યાચક તેમના ઘર પાસેથી જાય તેને ખાલી હાથે જવા ન દેવો એવી તેમણે આજ્ઞા કરી.

પુન્ય કરવાથી પાપ નાશ પામશે એમ શેઠ જાણતા હતા તેથીજ તેમણે એવો રસ્તો પકડયો હતો. પણ તુટી કોઇ સાંધી શકતું નથી એ શેઠ જાણતા હતા. મધ્યાન થતાંજ શેઠ પુત્રની આંખો એકદમ ઉઘડી ગઇ. ત્રણ ડચકા ભરતાંજ તેમનો પ્રાણ ઉડી ચાલ્યો. શરીર શબવત્ થઇ ગયું. રડારોલ થઈ રહી. સગા વહાલા અને ઓલખીતા પાલખીતાઓનું ટોલું એકઠું થયું હતું. તેમના કેટલાકને તો શેઠ પુત્ર ખુદ પાલતો હતો. "હજાર મરજો પણ હજારનો પાલનાર મ મરજો" એ કહેવત ત્યાં આબેહુબ દેખાઇ રહી. રીવાજ મુજબ વાંસા લાવી બાંધીને શેઠ પુત્રને સ્મશાનમાં લઇ ગયા. સુખડ અને તુલશીના કાષ્ટની ચિતા રચી તેની ઉપર શબને મુકી અગ્નિ દાહ દીધો. ખેરમાં બાળો કે બાવલમાં બાળો અને સુખડમાં સુખડમાં બાળો કે તુલશીમાં બાળો પણ બધામાં એક સરખું બળીને ખાક થઇ જશે. મુવા પછી બધું એ સરખું છે ચાર કલાકમાં તો શેઠ પુત્ર હતો ન હતો થયો. નદી ઉપર નાહીને દાધુઓ ઘરે આવ્યા. પાસેના સગા વહાલા

શિવાયના બાકીના લોકો પોતપોતાને ઘેર ગયા. શેઠને ભીના કપડા ઉતરાવી સુકા કપડા પહેરાવ્યા. પછી તેમણે જમવા બેશાડવાની ઘણી બહોશ કરી પણ શેઠ શેઠાણી એકના બે થયાં નહીં. ઘણી ઘણી વાતો સમજાવી પણ તેઓ માન્યાં નહીં. આખરે તેઓએ એવો વિચાર કર્યો કે, આજ એમને પુત્ર શોકનો ઘાહ તાજો છે તેથી વધારે ન કહેવું. બીજે દિવસે રાજા પોતે શેઠને ત્યાં પુત્ર મરણનો ખરખરો કરવા તથા દીલાસો આપવા આવ્યો. ગઇ કાલનું શેઠે કાંઇ ખાધું નથી જાણી રાજાએ બે શબ્દો ચાંપીને કહી શેઠને જમાડયો. ખાધું ન ખાધું કરી શેઠ તો જમી ઉઠયા. તાજે તાજો પુત્રનો ઘાહ તેથી કાંઇ ન ભાવ્યું. પછી તો ધીમે ધીમે શોક નીકલતો ગયો. શેઠ પાછા કામ કાજમાં પડવા લાગ્યા પેહેડીનો વહીવટ પાછો ચાલવા લાગ્યો.

આઠ દિવસ થઇ ગયા પછી પેલો વણઝારો પોતાને કામે ગયો હતો ત્યાંથી પાછો ફર્યો. નગરમાં દાખલ થતાંજ તેને અપસુકનો થવા માંડયા. આ જોઇ વણઝારો મનમાં ગભરાવા લાગ્યો. શેઠ પુત્રના મરણ વિષે તે તદન અજ્ઞાન હતો. એક માણસ તેને સામે મલ્યો તેને નગર શેઠના સમાચાર પુછયા. નગર શેઠને વૃદ્ધાવસ્થામાં જે દુઃખ પડયું હતું તે દુઃખ બીજા લોકો જાણતા હતા તેથી આ માણસ નગર શેઠને ઓલખતો છતાં તેણે વણઝારાના સવાલના જવાબમાં કહ્યું, "હું તે તરફ રહેતો નથી એટલે નગર શેઠ વિષે કાંઇ જાણતો નથી."

થોડે આગલ ચાલતાં ચાર પાંચ સ્ત્રીઓ પાણી ભરવા જતી મલી. તેમને જોઇને વણઝારાએ અજાણ્યો થઇને પુછયું, "બાઇ, આ શહેરનો નગર શેઠ કયાં રહે છે? એનો પુત્ર ખુશી આનંદમાં તો છે?"

પેલી સ્ત્રીઓએ પણ ઉપર મુજબનો જવાબ આપ્યો કે, અમને કાંઇ ખબર નથી. નગર શેઠના પુત્રનું મરણ બધા લોકોને એવું તો સાલતું હતું કે, કોઇના ઓઠમાંથી તેના મરણના સમાચાર નીકલી ન શક્યા.

પોતાને એકતો અપશુકન થયલા અને બીજા આવા અધુરા સમાચાર મલ્યાથી વણુઝારો જલદી જલદી શેઠના ઘર પાસે આવ્યો. ત્યાં બધા માણસોને શોકમાં ગરકાવ થઈ ગયલા દીઠા. કાંઇ પણ માઠો બનાવ બન્યોછે એમ વણુઝારો તરત પામી ગયો. તેણે એક મહેતાને શું બન્યું હતું તે પુછ્યું. મહેતો બોલ્યો, "શું તમને આ કાલો કેર થયો છે તેની ખબર નથી? અરે, પણ ક્યાંથી ખબર હોય! તમે તો તે વખતે બહાર ગામ હતા, હા, દૈવ, તું અમારા ઉપર શા માટે રૂઠયો? તને બીજો કોઇ ન મલ્યો અને અમારો નાનો શેઠજ બાઇ મલ્યો! ભાઈ, શું વાત કહું? તમે ગયા તેજ રાતના નાના શેઠની તબીઅત બગડી. બીજેજ દિને તેમણે પ્રાણ ત્યાગ કર્યો. હવે તો શેઠની બધી આશા આ ત્રણ વરસના કુંવર ઉપર છે. તે મોટો થશે ત્યારની વાત ત્યારે."

મહેતો આટલું બોલ્યો પણ તે બહુ મુશકેલીથી. પણ આ વખતે વણુઝારાની હાલત કેવી જોઇએ? તે તો આ સાંભળીને દીગમુઢ થઇ ગયો હતો. પોતે જે કાંઈ સાંભળેછે તે સ્વપ્ન કે ખરેખરૂં તે તે ધારી ન શક્યો. જ્યારે તે પોતાની આ બેભાનીમાંથી સાવધ થયો ત્યારે ખરેખરૂં છે એમ તેને લાગ્યું. થોડા દહાડાની પણ ઘણી ગાઢ મિત્રતા હતી તેથી વણુઝારો નો અનહદ કલપાંત કરવા લાગ્યો. આખરે રડતી આંખે મહેતા મુનીમોએ તેને ધીરજ આપી ત્યારે મહા મુશકલીએ તેણે રડવું બંધ કર્યું. નગર શેઠ પોતે પણ રડતા હતા. બે દહાડા વણુઝા-

રો ત્યાં રહ્યો. પણ મિત્રના વિયોગે તેને તે ઘર કરડવા આવતું હતું તેથી તેણે શેઠ પાસે જવાની રજા માગી. ઘણી ઘણી રકઝક કર્યા પછી શેઠે રજા આપી. પછી વણઝારો બોલ્યો, "શેઠજી જ્યારે હું પરગામ જવા નીકળ્યો ત્યારે તમારા પુત્રની પાસે મારા રૂપીઆ મુકી ગયો હતો તે મને પાછા આપો."

નગરશેઠ બોલ્યો, "ભાઇ, તારા રૂપીઆ સોના મ્હોર જેવા. જા મુનીમને કહેકે, ચોપડામાં જોઇને આપે."

વણઝારો બોલ્યો, "શેઠજી, રૂપીઆ મેં ચોપડામાં જમા કરાવ્યા નથી પણ એમના એમ મુકીને ચાલ્યો ગયો છું."

શેઠ બોલ્યો, "મારો પુત્ર જમા કર્યા વગર કોઇની પણ પૈ રાખે નહીં. માટે તમે તમારા રૂપીઆ ચોપડામાં જમા જુઓ"

વણઝારો મુનીમ પાસે ગયો. તેણે ચોપડામાં જોયું તો તેના કાંઇ પણ રૂપીઆ જમા ન હતા. મુનીમે કહ્યું, "તમારા કાંઇ પણ રૂપીઆ જમા નથી." વણઝારો નીરાશ થઇને પાછો શેઠની પાસે ગયો. તેણે ઉતરી ગયલે મોઢે કહ્યું, "શેઠજી, ચોપડામાં તો મારા રૂપીઆ દેખાતા નથી."

શેઠે નીશાશો નાખીને કહ્યું, "ત્યારે શું મારો પુત્ર મરણ પામ્યો એટલે તમે ગલે પડવા આવ્યા! ખેર, મારા નશીબ!"

વણઝારે ધીરે રહીને જવાબ દીધો, "શેઠ, મારા બોલવાનું ખોટું ન લગાડશો. કેટલાક વરસ થયા હું તમારી સાથે વહેવાર કરૂં છું, અને મારી ચોખવટ તમે જાણો છો. મારે વધારે કહેવાનું કાંઈ કામ નથી. થોડી રૂપરડીથી મને નુકશાન થાય તેમ નથી. પણ આપની નજરમાં મારે માટે વહેમ આવે એમ ન જોઇએ કે, હું

જુહું ગલે પડવા આવ્યો હતો. મારો મિત્ર ગયો એટલે મારે આ ઘર તો શું પણ આ શહેર પણ મને કરડવા આવે એવું લાગે છે. માટે શેઠ હવે રામરામ જીવતા હઇશું તો કોઇ વખત મલીશું."

આમ બોલી શેઠ તરફના સવાલ કે જવાબની રાહ જોયા વગર વણઝારો ચાલતો થયો. શેઠ બીજા કામમાં રોકાયા તેથી વણઝારાવાલી વાત ભુલી ગયા.

ભાગ ૨ જો.

અદાતા નગરની બહાર યોગેશ્વરના આશનની પાસે પ્રધાન પુત્રનું શરીર પડયું છે. અદાતા નગરી મુ-ર્છીત હાલતમાં છે. તે રસ્તેથી પસાર થનાર મુસાફરને યોગેશ્વર, પ્રધાન પુત્રનું શરીર કે અદાતા નગરી એમાનું કાંઈ પણ નજરે પડતું નથી. ત્યાં જાણે કાંઈ પણ ન હોય એવુંજ દેખાયછે. ઇશ્વરી માયા એવી પ્રબલ ત્યાં પ્રસરી રહી હતી. આ લોકના એ પ્રમાણે અઢાર વર્ષ નીકલી ગયા પણ બ્રહ્માની તો એક પલ પણ થઈ ન હતી.

ધર્મપુરીના શેઠ પુત્રના મરણ પછી અત્રે શું થયું તે આપણે જોઇએ. શીવજીએ જોયું કે આજે અવધી પુરી થઈ છે અને હમણા પ્રધાન પુત્રનો જીવ શેઠ પુત્રના ખોળીઆમાંથી નીકલીને આવશે. એટલે પ્રથમ તો પાણીની અંજલી છાંટી અદાતા નગરીને મુર્છીત હાલતમાંથી પાછી ચાલુ હાલતમાં મુકી, લોકો જાણે કાંઈ પણ ન બન્યું હોય તેમ હરફર કરવા લાગ્યા. કાંઇ પણ ફેરફાર થયેલો ન જણાયો. કોઇને ત્યાં રસોઇ થતી હતી, કોઇ જમવા બેઠા હતા. એ પ્રમાણે જેમ હતું તેમજ થયું. પછી શીવજીએ બીજી અંજલી ભરી પાણી પ્રધાન પુત્રના શરી-ર ઉપર છાંટયું એટલે તે ઉઠીને બેઠો થયો. પોતે સ્વપ્ન જોઈ ઉઠયો હોય એમ તેને લાગ્યું. તે ઉઠીને ઉભો થયો.

યોગેશ્વરને પગે લાગ્યો. યોગેશ્વરે કહ્યું, "કેમ, બચ્ચા, જોયુ ! હજી કાંઇ જોવાની ઇચ્છા છે? હોય તો બોલી દે."

પ્રધાન પુત્ર હાથ જોડીને બોલ્યો, "મહારાજ, આપની કૃપા જોઇએ આ સ્વપ્નથી મારા મનની લાગણીઓ બધી બદલાઈ ગઇછે. સુખેથી આપ રોજ મારે ત્યાં આવી પાકું સીધું લઇ જજો હવે આપને અત્રેથી ઉઠાડી મુકવાને કોઇ પણ સમર્થ નથી."

યોગેશ્વરે કહ્યું, "બચ્ચા, તેં જે કાંઇ જોયું તે સ્વપ્ન નથી. ખરો બનાવ છે. માટે આ વાત કોઇની પાસે પણ કહીશ નહીં. જો કદી કહેશે તો તેજ પલે તારૂં મરણ નીપજશે. હું તો જ્યાં રહું ત્યાં મારૂં ઘર છે. પાકા સીધાની મને કાંઇ દરકાર નથી પણ તારો ભાવ છે તો હું આવીશ. હવે તું તારે ઘેર જા."

યોગેશ્વરે તેને રજા આપી. પ્રધાન પુત્ર પગે લાગી ઘેર પાછો આવ્યો. પોતાનો પુત્ર શું કરી આવેછે તે જાણવાને પ્રધાન અધીરો થઇ રહો હતો. તેણે પુત્રને આવતો દેખતાંજ કહ્યું, "કેમ પુત્ર શું, કરી આવ્યો?"

પુત્રે જવાબ આપ્યો, "બાપા, તે તો કોઇ મહાત્મા જણાયછે, માટે તેને અત્રેથી કાઢી મુકાય તેમ નથી. એને કાલથી આપણે ત્યાંથી પાકું સીધું લઈ જવા વાસ્તે મેં કહ્યું છે."

આ સાંભળતાંજ પ્રધાને નાખુશ થઇને કહ્યું, "તને પણ તે જોગટે વશ કરી લીધો. ઠીક છે થોડા દહાડામાં જોઇ લઇશું."

આમ કહી પ્રધાને વાત બંધ કરી. બીજે દહાડેથી તો યોગીરાજ તો દરરોજ તેને ત્યાં આવવા લાગ્યા. પ્રધાન પુત્ર વધુ ધર્મવતી પણ પોતાના પતિને આવો ધર્માત્મા થયલો જોઈ રાજી થઈ. પ્રધાનને ઘેરથી ધર્મ કરવાની

શરૂઆતથી બીજા મોટા લોકો પણ દાન ધર્મ કરવા લાગ્યા. તેમને જોઇને વચલા વાંધાના લોકો પણ કાંઇક શીખ્યા. આ પ્રમાણે થતાં થોડા દિવસમાં અડધા ઉપર શહેર ધર્મી થઈ ગયું. મોટાને જોઈ નાના કરવા શીખે.

હવે એક અદ્‌ભુત બનાવ બન્યો. પ્રધાનપુત્ર દરરોજ ગામ બહાર તલાવને કાંઠે નહાવા જતો. નાહી ધોઈ શંકરનું પુજન કરી, યોગેશ્વરના દર્શન કરી પછી ઘેર આવતો. આ પ્રમાણે ચાર મહીના નીકલી ગયા. એક દહાડે પ્રધાન પુત્ર નહાવા વાસ્તે દરરોજના નીયમ પ્રમાણે શહેર બહાર નીકલતો હતો તે વખતે પેલો વણઝારો અચાનક તે શેહેર તરફ આવી લાગ્યો. વણઝારો ફરતો ફરતો સહેજજ ત્યાં આવી ચઢયો હતો. શેઠ પુત્રને પોતે રૂપીઆ આપી ગયો પણ તેના અચાનક મરણથી શેઠ રૂપીઆ ના કબુલ જતો હતો તેથી તેના મનને ખોટું લાગ્યું હતું. રૂપીઆ ગયાનું તેને કાંઈ દુઃખ ન હતું. પણ મિત્રના મરણથી તેને ધાડુ લાગ્યો હતો તે વધારે હતો. તેમાં વળી શેઠે થોડા કડવા વેણ કહી સંભળાવ્યા. અદાતા નગરી પણ હવે તો ખરૂં જોતાં તો દાતા નગરીમાં કાંઈ કામસર તે દાખલ થયો. પણ સામે જોઇ આશ્ચર્ય પામતો તે સ્થિર થઇને ઉભો રહ્યો એવું તે તેણે શું જોયું કે, જેને લીધે તે આશ્ચય પામ્યો ! તેણે સામેથી શેઠ પુત્રને આવતો દીઠો. આ આવનાર પ્રધાન પુત્ર હતો. તે પણ વણઝારાને જોઈ આશ્ચર્ય પામ્યો. નગર શેઠને ત્યાં જન્મ્યા પછીનો બધો બનાવ તેને યાદ હતો. બેઉ મિત્રો મલ્યા. ઈશ્વરી માયાને લીધે વણઝારો પ્રધાનપુત્રને શેઠ પુત્ર સમજી બોલ્યો, "કેમ, ભાઇ, તમે અહીં કયાંથી? તમારા મા બાપને મુકી અત્રે આવ્યા છો? તેઓ તેમને મુએલા જાણી શોક કરેછે. પણ તમે તો જીવતા જાગતા છો!"

પ્રધાન પુત્રે મનની વાત છુપાવીને કહ્યું, "આજ ચાર મહીના થયા હું અત્રેજ છું."

વણઝારે કહ્યું, "ત્યારે હવે પાછા ઘેર કયારે જશો?"

પ્રધાનપુત્ર ધર્મશીલ બોલ્યો, "હાલતો થોડો વખત મારે અત્રેજ રહેવું છે."

વણઝારો બોલ્યો, "જે વખતે હું તમારી પાસે મારા દશ હજાર રૂપીઆ મુકીને ગયો તે પછી આઠ દહાડે પાછો ફર્યો તો તમારા બાપે રૂપીઆ આપવાની ના પાડી. તે રૂપીઆ મારે ખાતે જમા કરેલા ન હોવાથી મારૂં અપમાન કર્યું."

ધર્મશીલ બોલ્યો, "પણ તમે ભુલોછો કેમ? એ રૂપીઆતો તમે મારી પાસે એમને એમ નાખી ગયા હતા. મેં જમા કરાવવાનું ઘણુએ તમને કહ્યું, પણ તમે તો એમજ નાખી ગયા. પછી મારે અહીં આવવાનું થયું એટલે તે વગર જમા થવે મારી ખાનગી પેટીમાં પડયા રહ્યા છે."

વણઝારો આ સાંભળી ખુશી થઇને બોલ્યો, "ત્યારે ભાઇ સાહેબ, મહેરબાની કરીને તમારા બાપા ઉપર ચીઠી લખી આપો તો મારા રૂપીઆ મળે."

ધર્મશીળે કહ્યું "ઠીક છે."

આમ કહી ખડીઓ કલમ કાઢી કાગળ ઉપર ચીઠી લખી આપી. તેમાં લખ્યું કે, હું અત્રે કુશલ છું. આ વણઝારાના રૂપીઆ દશ હજાર મારી ખાનગી પેટીમાં અનામત છે. તે એને આપજો. તથા આજ રોજ ચાર મહીના અને નવ દીવસ એ વાતનેજ થયા છે તથા તમારી પાસે આવશે તેને રસ્તામાં દહાડા લાગશે તેટલા બધા દહાડાનું વ્યાજ હિશાબે એને ચુકવી આપશો.

આ પ્રમાણે લખી મીની નાખી, પોતાની સહી

કીધી. વણઝારો તો આ પ્રમાણે ચીઠી જોઇ હર્ષ પામ્યો. પછી તે ગામમાં કામ હતું તે પણ પડતું મુકી પાધરો ધર્મપુરી ગયો. પૈસા કરતાં આબરૂ આ વણઝારાને વધારે વહાલી હતી તેથી તેણે શેઠના મનમાંથી પોતાને વિષે વહેમ કાઢી નખાવી વિશ્વાસ બેશાડવાની આશા હતી ને પેલી ચીઠીને જીવની પેઠે જાલવીને ધર્મપુરીમાં આવ્યો. બીજે કયાંય ન જતાં તે પાધરો નગરશેઠને ત્યાં ગયો. શેઠની પાસે બેશી તેણે કહ્યું, "શેઠજી, મારા રૂપીઆ લેવા હું આવ્યો છું."

શેઠે કાંઇક ચીરડાઇને કહ્યું, "ભલા માણસ તને એક વખતે કહ્યું કે તારા રૂપીઆ જમા હોય તો બેસાશક લઇ જા."

વણઝારાએ કહ્યું, "પણ શેઠ, કદી તમારા પુત્રના પોતાના હાથની ચીઠી બતાવું તો પછી કાંઇ છે?"

આમ કહી વણઝારાએ પેલી ચીઠી કહાડીને શેઠની પાસે મુકી. શેઠે પોતાના પુત્રના અક્ષર ઓળખ્યા. પણ અંદર મીતી પાંચ દહાડાની નાખેલી જોઇ વિચારમાં પડ્યા. તેથી વણઝારાને પુછ્યું, "આ ચીઠી તારી પાસે હમણા કયાંથી આવી?"

વણઝારાએ બનેલી વાત બધી કહી સંભળાવી. શેઠ પણ જાણે સ્વપ્ન હોય તેમ માનવા લાગ્યા. વણઝારાને રૂપીઆ તો બધા દોકડે પાયકે ચુકવી આપ્યા. પછી તેને કહ્યું, "પણ ભાઇ વણઝારા, તારે મારા પુત્ર સાથે મારો મેલાપ કરાવી આપવો પડશે હો!"

વણઝારે તે કબુલ કર્યું. શેઠના મનનો શોક બધો શમી ગયો, હર્ષ ઉત્પન્ન થયો. તેજ વખતે શેઠ ઉઠીને ઘરમાં ગયા અને પોતાની સ્ત્રીને કહ્યું, "અલી, સાંભળે છે કે? આજ તો કંસાર હમણાને હમણા કરાવ."

શેઠાણીએ કહ્યું, "કેમ, વળી ઘરડા થયા એટલે બુદ્ધિ ભ્રષ્ટ થઇ કે શું? છોકરાને ગુજરી ગયે હજી તો ચાર મહીના પુરા થયા એટલામાંજ મીઠું મીઠું ખાવાનો ગલકો થયો કે શું?"

શેઠ બોલ્યા, "અરે એવું ગાડું ઘેલું તે શું બકેછે? કોનો છોકરો મરી ગયો છે? મારો પુત્ર તો એક ગામમાં સહી સલામત છે. મેં તેના હાથનો આવેલો કાગલ હજી હમણાજ વાંચ્યો. માટે હું તો તેને મલવા જવાનો છું. માટે ચાલ હમણા મારે માટે કંસાર રાંધ અને આ શોકનો પોશાક ઉતારી નાખી ખુશીમાં રહે"

શેઠાણી બોલી, "તમે જશો તો હું એ તમારી સાથે આવીશ." છોકરો ગુજરી ગયોછે એવું શેઠાણીના મનમાંથી પણ હવે તો નીકલી ગયું. પુત્ર પરદેશ ગયોછે એટલુંજ તેમના મનમાં આવ્યું.

હવે શેઠ તો કંસાર રંધાવી સારી પેઠે પેટ ભરીને જમ્યા. પછી શેઠાણી અને પુત્ર વધુ જમવા બેઠા. શેઠાણીએ પુત્ર વહુને કહ્યું, "વહુ, બચ્ચા, આ કંસારમાંથી થોડો મને આપો અને બાકીનો તમે લ્યો."

આ સાંભળી વહુ, જે બીચારીને કાંઇ ખબર ન હતી તે બોલી, "સાસુજી, સાઠીને બુદ્ધિ નાઠી કે શું? હજી ચાર મહીના તમારા છોકરાને ગુજરવાને થયા છે એટલામાં આવો ખાવાનો ગલકો કેમ થયો? શું કંસાર વગર જીવ નથી ચાલતો?"

સાસુ બોલી, "મારો છોકરો મરી નથી ગયો તે તો જીવતો છે! પરદેશ કમાવા ગયો છે. હું અને તારો સસરો તેને મલવા જનાર છીએ. અને અમારી સાથે તેડી લાવીશું."

વહુ બોલી, "પણ સાસુજી, એમ બનેજ કેમ?

આપણે પોતે તે વખતે પાસે હતાં." (આમ કહેતાંની સાથે આખમાં પાણી ભરાઇ આવ્યા.)

સાસુ બોલી, "નહીં, નહીં, વહુ ખરેખર ધર્મશીલનો કાગલ આવ્યો છે અને તે એનો પેલો મિત્ર વણઝારો લાવ્યો છે. તારા સસરાએ પોતે વાંચ્યો."

વહુ જરા વિચાર કરીને બોલી, "સાસુજી, જો એ-મજ હોય અને તમે તેમની પાસેજ જતા હો તો મને સાથે તેડી જજો. મારે મારી ખાત્રી કરવી જોઇએ કે, એજ મારો પતિ છે કે નહીં? કારણ કે બીજો કોઇ એના જેવોજ હોય તે મારે કર્મે લાવી પછાડો તે ઠીક નહીં. તેની સાથે બધો ભવ મારે કાઢવો છે કાંઇ તમારે કાઢવો નથી."

સાસુ બોલી, "ભલે, ભલે, તું પણ સાથે આવજે તારા અને તારા છોકરાના બે કપડા બાંધી લેજે. ક્યાં અમારે ભાર ઉચકવો છે કે જેની વાત?"

આ પ્રમાણે સાંજના વાતો થઇ. બીજે દહાડે સ-વારના પહોરમાંજ પાંચે જણાઓ નીકલ્યા. શેઠ, શેઠાણી, પુત્ર વહુ અને ધર્મશીલનો પુત્ર, અને સાથે ગામ દેખાડ-વાને વણઝારો. પણ વણઝારાએ એટલી કબુલાત કરી હતી કે, તે ગામ દેખાડીને ખસી જશે. કારણ કે, ધર્મ શીલ જો જાણે કે મેં તેમને ગામ દેખાડયું છે તો તે કદી ગુસ્સે થાય. વૃદ્ધ નગર શેઠે કહ્યું કે, તેમાં તેને કાંઇ અડચણ નથી'

ચાર પાંચ દહાડે તેઓ અદાતા નગરી આગળ આવી પહોંચ્યા. પોતાને જે ઠેકાણે ધર્મશીલ સાથે મેલાપ થયો હતો તે ઠેકાણું દેખાડીને વણઝારો ત્યાંથી ચાલતો થયો. ગામમાં કયે ઠેકાણે તે રહેતો હતો તે તો વણઝારો મુદલ જાણતો ન હતો. ગામ બહારજ તેઓ ઉતર્યા. થો-

ડીવાર થઇ એટલે ધર્મશીલ નહાવાનો સામાન લઇને આવ્યો. તેને દુરથી આવતો જોઇને બધાએ ઓળખ્યો કે, એજ ધર્મશીલ. ઇશ્વરી માયાથી આ બધા ભુલી ગયા કે, તેમને પોતાને હાથે ધર્મશીલનો દાહ કર્યો હતો.

આ તરફ ધર્મશીલે પોતાના ધર્મપુરીવાલા માત પિતાને ઓળખ્યા તે તરત ચેતી ગયો કે, જ્યાં છે ત્યાં મેં વણ-ઝારાને ચીઠી આપી તેથી તેણે આમને આ ગામ દેખા-ડેલું હોવું જોઇએ. પણ હવે પાછું ફરવા વખત ન હતો. તે સામો ચાલ્યો આવ્યો. પાસે આવતાંજ પિતા પુત્ર એક બીજાને ભેટી પડયા. માતાને ઉર્મી થઇ આવી, પત્નિએ પોતાના પાત તરીકે ઓલખ્યો. તેણે નેત્રની ઇ સારતથી નમન કર્યું. ધર્મશીલે હસીને તે નમન સ્વીકાર્યું. પછી ધર્મસિંહ શેઠ બોલ્યો, "પુત્ર, તું અહીં કેમ આવી રહ્યો છે આપણે ઘેર ચાલ."

ધર્મશીલે જવાબ આપ્યો, "પિતાજી, આ શહેરમાં હજી મારૂં થોડા દહાડા કામ છે તેથી અત્રે રહીશ."

નગરશેઠ પિતા બોલ્યો, "ઠીક છે ભાઇ, ત્યારે અમે પણ અત્રેજ રહીશું અને તું અમારી સાથે આવશે એટલે તને તેડીને જઇશું. હવે તારા ઉતારાને ઠેકાણે અમને તેડીજા."

ધર્મશીલ પ્રથમતો ગભરાટમાં પડયો પણ પછી સમય સુચકતા રાખી બોલ્યો, "પિતાજી, જ્યાં હું ઉતર્યો છું ત્યાં જગા પુરતી નથી. માટે આ શહેર બહારનો બંગલો આપણો પોતાનો છે તેમાં ઉતરો. હું આપની પાસે એક વખત જમવા આવીશ પણ સુઇશ તો ગામ માંજ કે કામનો નીવેડો જલદી આવે."

નગર શેઠને આ સલાહ પસંદ પડી. માયાની ભુલ-વણીમાં બધું ભુલી ગયો. પછી પ્રધાન પુત્રે પોતાનો એક ખાસ બંગલો ઉઘાડી આપ્યો. જોઇતો સરસામાન બધો

મંગાવી આપ્યો. વાસણ કુસણ જોઈતા કહાડાવી આપ્યાં. રસોઇ પાણી કરવા માંડી. જમવાનું તૈયાર થતાંજ ગરમ પાણી પલ્લિએ કહાડી આપી ધર્મશીલને નવરાવ્યો. બધા જમવા બેઠા. ધર્મશીલનો પુત્રતો બાપા ઘણે દહાડે મળ્યા તેથી બાપા આગળથી ખસેજ નહીં. જમવા પણ તેની સાથેજ બેશે. ધર્મશીલ જમી કરી પાછો શહેરમાં પોતાને ઘેર ગયો. ત્યાં જમવા વગર કેમ ચાલે? ઘરમાં સ્ત્રીએ જમવાનું પીરસ્યું પણ માથું દુખવાનું બહાનું કહાડીને કાંઇ ખાધું નહીં. નગર શેઠને ત્યાં દુધપાક પુરી ઉડાવેલા તે અન્ન કેમ ભાવે? આ પ્રમાણે આઠ દશ દિવસ નીકલી ગયા પોતાનો પતિ ઘરમાં પુરૂં જમતો ન હતો છતાં શરીરે વધારે તેજસ્વી અને રૂષ્ટ પુષ્ટ થયો હતો. આમાં કાંઇ પણ કારણ હોવું જોઇએ એમ ધર્મવતીએ માન્યું. આ બાબત પુરી તપાસ કરવા તેણે નિશ્ચય કર્યો. પોતાની એક વિશ્વાસુ દાસીને શીખવીને ધર્મશીલની પાછળ મોકલી કે, તે કયાં કયાં જાય છે અને શું શું કરે છે તે ખબર પડે. બીજે દાહાડે સવારના દાતણ પાણી કરી પ્રધાન પુત્ર કચેરીમાં ગયો. દાસી થોડે દુર પ્રધાન પુત્ર દેખે નહીં તેમ સંતાઇ ઉભી. નહાવા જવા વખત થતાંજ ઉઠયો. દાસી થોડે દુરથી તેની પાછળ ગઇ. પ્રધાન પુત્ર તો પાધરો પોતાના બંગલામાં ગયો. તરતજ પુત્ર બાપા બાપા કરતો સામો ગયો. પલ્લિએ આવકાર દીધો. દાસીએ એક ઝાડને ઓથે સંતાઇ રહી બધું જોયું. પાણી ગરમ થતાંજ તેને પલ્લિએ નવરાવ્યો. પછી પુજા કરી તે જમવા બેઠો. પુત્ર તેની સાથે બેઠો. નગર શેઠ બાજુએ બેઠો. મા સામે બેઠી. અને પલ્લિએ જમવાનું પીરસ્યું. આ બધું દાસી જોઇને જતી રહી. ધર્મવતીને બધીવાત કહી. દાસીને આ બાબત વિષે ચુપ રહેવા કહી હવે શો ઉપાય યોજનો તે વિષે

વિચાર કરવા લાગી. અરે ધર્મવતી, તારા આવા વિચારથી શો પરિણામ નીપજશે તેને તેં કાંઇ વિચાર કર્યો. સ્ત્રીની મતી પાનીએ. તે કહેવત ધર્મવતીએ ખરી પાડી આપી.

બંગલામાં નગર શેઠ પિતાને ત્યાં જમીને પછી ધર્મશીલ પોતાને ઘેર આવ્યો. ત્યાં તેની સ્ત્રી વાટ જોઇનેજ બેઠી હતી. ધર્મશીલ આવ્યો કે, તે સ્ત્રીએ તેના મોઢા આગળ બધું ખાવાનું પીરસીને ત્યાંથી ચાલી ગઇ. પોતે પોતાને કાંઇ બાબતનો ગુસ્સો લાગ્યો છે એવો દેખાવ કરવાને પણ ચુકી નહીં. પ્રધાન પુત્રે જોયું કે, આજ કાંઇ બનાવ બન્યો છે માટે ખાધા વગરજ ઉઠી ગયો. ખરેખર, આજે તો તેના પેટમાં જરા પણ સમાય એવું ન હતું. પણ પોતાની કાંઇ વાતથી સ્ત્રી જાણુતી થઇ છે એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. રાતના જમી સુતા પણ ધર્મવતીએ પોતાના પતિને બોલાવ્યો નહીં તેમજ તેના બોલાવણાનો કાંઇ જવાબ પણ ન આપ્યો. ધર્મશીલ તો ચુપ ચુપ સુઇ રહ્યો. પણ ધર્મવતીએ આખી રાત રડવામાં કહાડી. તેના મનમાં એવો વિચાર આવ્યો કે, પોતાનો પતિ બીજી કોઇ સ્ત્રી સાથે આડી ચાલ ચલાવતો હતો. હશે!

સવાર પડી. ધર્મવતી પહેલી ઉઠીને કચરો કહાડવા લાગી. ઘરમાં ચાકર નફરો પુષ્કળ હતા તેથી ધર્મવતીને કચરો પુંજો કરવાનો વખત મુદ્દલ આવ્યો ન હતો, પણ આજ રોજ પોતાની મતલબ સાંધવા માટે કચરો કહાડવા લાગી. તે જાણુતી હતી કે, તેનો સસરો પ્રધાન હમેંશ વહેલો ઉઠનારો માણુસ છે. માટે તે વહેલો ઉઠશે તો તેના કાન ભંભેરવા ઠીક પડશે. તે પોતાની હીકમતમાં ફાવી. પ્રધાને દીઠું કે, આજ તો વહુ પોતાને હાથે કચરો પુંજો વાળેછે એ શું? તે તરતજ પાસે આવ્યો અને વહુને

